❖ **પરિણામો, તારણો :** વિદ્યાર્થીઓની ટેવોમાં સુધારા જોવા મળ્યા, અઘરા લાગતા વિષયો પર વધુ મહાવરો કરતા થયા, નિયમિત ગૃહકાર્ય કરતા થયા, ન સમજ પડતા મુદ્દાઓમાં પ્રશ્ન પૂછે છે.,રોજનું કાર્ય રોજ કરવાની ટેવ વિકસાવી, વિષયવાર વાંચન, લેખન ગણનનો અભ્યાસ કર્યો, અભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કરતા થયા.

❖ **અવવલોકન :** આ સંશોધન પરથી એવું જાણવા મળ્યુ કે આ રીતે પાયાના ધોરણના વિદ્યાર્થીઓ પર પણ આ સુધારો લાવી શકાશે.

❖ **ભાવિ સંશોધન માટેના વિષયો :**

- શાળાનાં ઓછા ટકા લાવતા વિદ્યાર્થીઓને પાયાના ધોરણથી જ તેઓની કચાશ દૂર કરવા માટે આ પ્રકારના સંશોધન કરી શકાય.
- તેઓ પ્રત્યે અલગ અભ્યાસની વ્યવસ્થા કરી શકાય, રાત્રિ શાળા, ફરતી શાળામાં વિદ્યાર્થીઓને જોડાવા પ્રેરણા આપી શકાય.
- શાળાનાં ઓછા ટકા લાવતા વિદ્યાર્થીઓની સામાજિક અને આર્થિક સ્થિતિનો અભ્યાસ.

---



## વિષય : પાકા વિદ્યાર્થીઓને પારંગત કરવાના ઉપાયો અને પરિણામનો અભ્યાસ

**પૂજાબેન રાઠોડ**
(મ.શિક્ષક, પ્રાથમિક વિભાગ)

❖ **પ્રસ્તાવના :** પાકા વિદ્યાર્થી એટલે જેવિદ્યાર્થી પોતાના અભ્યાસ પ્રત્યે જવાબદાર છે. જે નિયમિતતા અને ઇમાનદારી થી કામ કરે છે.સાચો અને પાકો વિદ્યાર્થી એ છે જે શિક્ષણ ને પોતાના જીવનમાં ઉતારે છે.

❖ **પારંગતનો અર્થઘટન :** પારંગત થવું એટલે પોતાની અંદર જે આવડત છે, તેને શ્રેષ્ઠ રીતે બહાર લાવવી પારંગત વિદ્યાર્થી તે છે જે શિક્ષણ નો ઉપયોગ કરી જીવનમાં સફળતા મેળવે છે.

❖ **આ વિષય પસંદ કઇ રીતે કર્યો ? અને કેવી રીતે ખબર પડી ?**

મેં આ વિષય એટલે પસંદ કર્યો કે વિદ્યાર્થીઓ અભ્યાસમાં પાકા એટલે કે સારા તો હતા, પરંતુ તેના જીવનમાં ઉપયોગી શિક્ષણ વધારે સારી રીતે મળી શકે અને તેના જીવનમાં માર્ગદર્શનમાં મદદરૂપ થાય જ્ઞાન થી જ શકિત મળે છે, અને શકિત થી સફળતા.

❖ **સંશોધનના ઉદ્દેશો :** વિદ્યાર્થીઓને વધુ રસ પડે તેથીઅંગ્રેજી વિષયમાં સ્પેલિંગની ભૂલ ઓછી પડે એ હેતુથી અેંગ્રજી વિષયમાં અક્ષર સુધરે અને સ્પેલિંગ યાદ રહે.

❖ **પદ્ધતિ :** ગુજરાતી માદયમમાં ધો-૪ નો વિદ્યાર્થીને એકવચન અને બહુવચન કી-વર્ડઝ, ઉચ્ચાર સરખા અને સ્પેલિંગ જુદા હોય તેમાં મુશ્કેલી પડતી.

❖ **સંશોધન પ્રક્રિયા કઇ રીતે કરી ? :** બાળકોને વર્ગખંડમાં ટીવી બતાવીને બોર્ડ પર મિનિંગવર્ડ ની ગેમ રમાડી ને એમાં જે સ્પેલિંગમાં ભૂલ થતી હતી તે ભૂલો સુધારવામાં મદદ મળી.

❖ **તારણો :**

સરખા લાગતા હતા તેમાં હવે ફર્ક સમજાવ્યો.
બાળકોનાં અક્ષરમાં સુધારો આવ્યો.
બાળકોને એકવચન અને બહુવચનમાં પણ ફર્ક સમજાવ્યો.

❖ **અવલોકન :**

બાળક પોતાની રીતે આત્મનિર્ભર બન્યા.
બાળક ને અક્ષર ભેદ સરળ બન્યો.
અંગ્રેજી જેવા વિષય માં રસ કેળવી શકયા.

❖ **ભાવિ સંશોધન :**

પૂર્વ અને પોસ્ટ ટેસ્ટ મુજબ વિદ્યાર્થીના ગુણમાં સુધારો જોવા મળ્યો.
ટેકનોલોજીના ઉપયોગથી વિષયને વધુ રસપ્રદ બનાવી શકયા.

**સમજ + મહેનત = પારંગતતા**

**જ્ઞાન પકવે ત્યારે કુશળતા જન્મે**